# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ તથા બાગાયત ખાતુ, આણંદ જિલ્લાના સંયુક્ત ઉપક્રમે ફળ અને શાકભાજી પરિરક્ષણનો બે દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ તથા બાગાયત ખાતુ, આણંદ જિલ્લાના સંયુક્ત ઉપક્રમે બાગાયત ખાતાની મહિલા તાલીમર્થી વૃતિકા યોજના અંતર્ગત તારીખ ૧૩.૦૬.૨૦૨૨ થી ૧૪.૦૬.૨૦૨૨ દરમ્યાન ફળ અને શાકભાજી પરિરક્ષણનો બે દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો. જેમાં દેવાતજ, ગાડા અને ઇસણાવ ગામના કુલ ૪૧ બહેનો એ ભાગ લીધો હતો.

કાર્યક્રમના પ્રથમ દિવસે શ્રીમતી અંજલી જાદવ, પ્રોગ્રામ આસીસ્ટન્ટ(હોમ સાયન્સ) દ્વારા વિવિધ પ્રકારના ફળ જેમ કે બીલા, તરબુચ, દાડમ, જાંબુ, લીંબુ, કેરી, વગેરેમાંથી સ્ક્વોશ બનાવવામાં આવ્યા હતા તથા ટુટી ફ્રુટી અને મીક્ષ શાકભાજીનું અથાણું પણ કેવી રીતે બનાવવુ અને અથાણાને આખુ વર્ષ કઇ રીતે સાચવવુ તે પ્રત્યક્ષ નિદર્શન દ્વારા શીખવવામાં આવેલ હતુ. કાર્યક્રમના બીજા દિવસે પ્રો. આર. એલ. રાજપુત, મદદનીશ પ્રાધ્યાપકશ્રી, બાગાયત વિભાગ, બં.અ.કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સીટી, આણંદ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ બહેનોને ટામેટાનો કેચપ તેમજ વિવિધ ફળોમાંથી જામ, જેલી, સીરપ બનાવવાની પ્રત્યક્ષ તાલીમ આપી હતી. તદુપરાંત સદર કાર્યક્રમમાં નિલેશભાઇ પટેલ, મદદનીશ બાગાયત નિયામકશ્રી, બાગાયત ખાતુ, આણંદ જિલ્લો, આણંદ પણ હાજર રહ્યા હતા. તેઓએ બહેનોને બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપી તથા બહેનોને નાના ગૃહ ઉદ્યોગ શરૂ કરવા માટે પ્રોત્સાહન પુરૂ પાડ્યુ હતુ.

કાર્યક્રમના અંતે ઉપસ્થિત સર્વે બહેનોને પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ઉપસ્થિત સર્વેનો આભાર વ્યક્ત કરવામાં આવેલ. સદર કાર્યક્રમનું સફળ આયોજન તથા સંચાલન શ્રી કિશનભાઇ ડાભી, બાગાયત અધિકારી, બાગાયત ખાતુ, આણંદ તથા શ્રીમતી અંજલી જાદવ, પ્રોગ્રામ આસીસ્ટન્ટ (હોમ સાયન્સ), કેવિકે, દેવાતજ દ્વારા કરવામાં આવેલ હતુ.

# <u>કાર્યક્રમની ઝાંખીઓ</u>














